પૂ. સદ્ગુરુના દેહવિલયના બે દિવસ પહેલાં એટલે કે વિક્રમ સંવત 2039 કારતક વદ પાંચમ બુધવારના રોજ બપોરે ૩ થી ૪ ના સમયમાં નીચેના પાંચ બોલો તેઓ બોલેલા તે તેમનાં છેલ્લા ઉદ્ગાર છે. તે આપણે સૌ મુમુક્ષુ માટે પાંચ રત્નો છે.

રત્ન ૧ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી

રત્ન ૨ જે દ્રવ્યની જે પર્યાય જે સમયે, જે ક્ષેત્રે, જે વિધીથી થવાની હોય તે જ પર્યાય તે જ ક્ષેત્રે તેજ વિધીથી તેવી જ થાય છે. તેમાં ઈન્દ્ર જીનેન્દ્ર → કોઈ ફેરફાર કરવા શક્તિમાન નથી.

રત્ન ૩ ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય સ્વતંત્ર છે.

રત્ન ૪ નિમીત્તની હાજરી હોય છે પણ નિમીત્ત કાંઈ પણ કરી શકતું નથી

રત્ન ૫ જીજ્ઞાસુના સવાલનો જવાબ છે.

સવાલ છે સાહેબ આમાં ધર્મ ક્યાં આવ્યો ?

<u>જવાબ</u>: જે પરિણામ સ્વતંત્રપણે પર તરફ ઝુકે છે તે જ પરિણામ સ્વતંત્રપણે સ્વતરફ ઝુકે તો ધર્મદશા પ્રગટે

સર્વજ્ઞોના સિદ્ધાંતોનો સાર આ પાંચ બોલમાં આવી જાય છે, તેમ પૂ.ગુરુદેવ કહે